## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
### ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**(વિભાગ-૧ 'વચનામૃત' : નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના વચનામૃતઃ** કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ.મ. ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. કોને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે ? (મ.૫૧/૪૫૮)**

જ. જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડાં દેશકાળાદિકનો યોગ થયો છે.

**૨. શ્રીજીમહારાજની સર્વે ક્રિયા કોને અર્થે છે અને કોને અર્થે નથી ? (મ.૫૫/૪૬૩)**

જ. અમારી સર્વે ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે છે પણ પોતાના સુખને અર્થે એકેય ક્રિયા નથી.

**૩. ગ.મ.૫૯માં શ્રીજીમહારાજે પ્રશંસા કરેલ બે ભક્તોનાં નામ લખો. (મ.૫૯/૪૭૦-૪૭૧)**

જ. ગ.મ.૫૯માં શ્રીજીમહારાજે નાથભક્ત, વિષ્ણુદાસ, હિમરાજશાહ, કાશીદાસ, ભાલચંદ્ર શેઠ દામોદરની પ્રશંસા કરેલ છે.

**૪. કયા બે વચનામૃતમાં શ્રીજીમહારાજે સમ ખાઈને વાત કરી છે ? (મ. ૧૩/૩૮૭, મ. ૩૩-૪૨૯)**

જ. ગ.મ.૧૩ અને ગ.મ.૩૩ આ બે વચનામૃતમાં શ્રીજીમહારાજે સમ ખાઈને વાત કરી છે.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**૧. ભગવાનના ભક્તની ક્રિયા અને વિમુખ જીવની ક્રિયામાં શો ભેદ છે ? (મ.૧૧/૩૭૯)**

જ. ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે, કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાનાં ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે. અને જે ભક્તિ છે તે તો નૈષ્કર્મ્ય જે જ્ઞાન તે રૂપ છે. માટે હરિજનની ક્રિયા છે તે તો સર્વે નૈષ્કર્મ્યરૂપ છે.

**૨. જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેનાં કેવાં લક્ષણ હોય છે ? (મ.૬૩/૪૭૯)**

જ. જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો અંતઃકરણની વૃત્તિઓ તે જીવની જ વૃત્તિ છે. અને તેના ચાર ક્રિયાએ કરીને ચાર વિભાગ જણાય છે. અને તે અંતઃકરણમાં ને ઈન્દ્રિયોમાં જાણપણું છે તે જીવનું જ છે. તે ઈન્દ્રિયો-અંતઃકરણને જ્યાં ઘટિત હોય ત્યાં ચાલવા દે ને જ્યાં ઘટિત ન હોય ત્યાં ન ચાલવા દે. અને જેનો જીવ અતિશય બળને પામ્યો હોય તેને તો ભૂંડું સ્વપ્ન પણ આવે નહિ.

**૩. ગ.મ.૨૮માં જે વાત કરી તે વાર્તાનો શ્રીજીમહારાજે કેવો મહિમા કહ્યો છે ? (મ.૨૮/૪૨૧)**

જ. વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીની વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.

**૪. કોને સાધુ જ ન જાણવો અને કેવો જાણવો ? (મ.૪૭/૪૫૨)**

જ. જે ખાધા-પીધાની લાલચે કે લૂગડાંની લાલચે અથવા પોતાને મનગમતા પદાર્થની લાલચે કોઈ મોટેરા સંત ભેગો રહેતો હોય તેને તો સાધુ જ ન જાણવો. તેને તો લબાડ જાણવો ને કૂતરા જેવો જાણવો અને એવો મલિન આશયવાળો હોય તે અંતે જતાં વિમુખ થાય છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો.**
**(ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **કૂવામાં પાણીની સેરનું દૃષ્ટાંત (મ.૨/૩૫૪) દૃષ્ટાંતઃ** જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાંના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય, તેમ બાહ્ય ઈન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય. **સિદ્ધાંત :** આત્માના સુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ કરવાથી કામાદિક જીતી શકાય છે. એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી.

૨. **આકાશને વિષે પથરો ફગાવવો (ગ.મ.૧૩/૩૮૩) દૃષ્ટાંતઃ** જેમ આકાશને વિષે પથરો ફગાવીએ તે જ્યાં સુધી હાથને જોરે કરીને ઠેલાય ત્યાં સુધી જ આકાશને વિષે રહે ને પછી પાછો પૃથ્વીને વિષે આવીને પડે છે. **સિદ્ધાંતઃ** અહીં મહારાજ પોતાના સહજ સ્વભાવને સમજાવતાં કહે છે. જેમ પથરો હાથના જોરે જેટલો ઠેલાયો હોય તેટલો જ સમય આકાશમાં રહે છે. તેમ અમે પણ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ ત્યારે માંડ માંડ જોડાય છે.

૩. **કાશીએ ચાલીને જતા પુરુષનું દૃષ્ટાંત (મ.૧૬/૩૯૨-૩૯૩) દૃષ્ટાંતઃ** જેમ કોઈ પુરુષ કાશીએ જતો હોય ને તે આખા દિવસમાં બે ડગલાં ચાલતો હોય તેને તો કાશીએ જતાં બહુ દિવસ લાગે અને જે વીસ વીસ ગાઉ ચાલવા માંડે તે તો અહીંથી કાશીએ થોડાક દિવસમાં પહોંચે, તેમ જેને શ્રદ્ધા બળવાન છે તે તો હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશય સરસ થઈ જાય છે અને જેને શ્રદ્ધા મંદ હોય તે તો ઘણા કાળ થયા સત્સંગી થયો હોય તોય પણ લોચોપોચો રહે છે. **સિદ્ધાંત :** શ્રદ્ધાવાન વ્યક્તિ તરત જ ફળ પામે છે. આંબલીના ઝાડ નીચે તપ કરનારને શ્રદ્ધા હતી કે ભગવાન મને જરૂર મળશે જ. તો પોતાના પ્રયત્નમાં મંડ્યો રહ્યો તો ભગવાન તરત પ્રગટ થયા.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો.**
**(ત્રણ થી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા. જ્યાં બે સંદર્ભ આવતાં હોય ત્યાં કોઈ પણ એક સંદર્ભ અને તેને અનુરૂપ સમજૂતિ લખી હોય તો તેના પૂરા ગુણ આપવા.**

૧. **શાસ્ત્રીજી મહારાજની ઈચ્છાથી પોતાનો નિર્ણય બદલીને પ્રમુખસ્વામી મહારાજે સારંગપુરનો પુલ ૨૪ ફૂટનો કર્યો. (કા.૧૧/૨૪૩-૨૪૪) સંદર્ભ :** જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે. **સમજૂતિ :** જેને જેના વિષે પ્રીતિ હોય તે હંમેશાં તેના ગમતામાં જ રહે છે પણ પોતાનું ધાર્યું કરતાં નથી. પ્રમુખ સ્વામી મહારાજને શાસ્ત્રીજી મહારાજને વિષે પ્રીતિ હતી તો પોતાનો નિર્ણય તરત જ બદલી નાખી પુલ ૨૪ ફૂટનો કર્યો.

૨. **નંદકિશોરદાસે શાસ્ત્રીજી મહારાજનો દ્રોહ કર્યો તો તેમનો કોઈ રીતે છૂટકો થયો નહિ. (ગ.મ.૬૩/૪૮૦) સંદર્ભ :** આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. **સમજૂતિ :** જેને પોતાના જીવને બળવાન કરવો હોય ભગવાન કે તેણે ભગવાનના ભક્તની મન-કર્મ-વચને શુદ્ધભાવે સેવા કરવી. એ બરોબર કોઈ પુણ્ય નથી. પણ જો ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો. તો કોઈ કાળે છૂટકો ન થાય. નરસિંહ મહેતાએ પણ ગાયું છે કે 'મારા બાંધ્યા વૈષ્ણવ છોડે વૈષ્ણવ બાંધ્યા મેં ન છૂટે.' મુક્તાનંદ સ્વામી પણ કહે છે 'નારદ મેરે સંત સે અધિક ન કોઈ...'

૩. **શુકમુનિ ગુણાતીતાનંદ સ્વામીના મુખે વચ.ગ.મ.૯નું નિરૂપણ સાંભળી બોલ્યા કે, 'આ વચનામૃત લખ્યું મેં, શોધ્યું મેં પણ સમજાયું તો આજે જ.' (મ.૧૩/૩૮૬) સંદર્ભ :** આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. **સમજૂતિ :** પુસ્તકોમાં જ્ઞાન તો ઘણું હોય પણ તેના સાચા અર્થ કરીને સમજાવનારા ન મળે ત્યાં સુધી સમજાતું નથી. ગુરુ વિના જ્ઞાન મળે જ નહિ.

૪. **ધારીમાં એક હરિભક્તે પોતાના રૂપિયા જામીન તરીકે આપીને જેલમાંથી બીજા હરિભક્તને છોડાવ્યા. (મ.૬૧/૪૭૩) સંદર્ભ :** ત્રીજો પોતાના ઇષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે જેમ માબાપ દીકરા-દીકરી તેનો પક્ષ રાખે છે, અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે, અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો.

**સમજૂતિ :** આપણા સગાંવહાલાં ગમે તેવા વાંકમાં હોય છતાં તેમને છોડાવવા આપણે તેમનો પક્ષ રાખીને પ્રયત્ન કરીએ છીએ. તેમ સત્સંગ પણ એક પરિવાર છે. તો ક્યારેય કોઈ સત્સંગી તકલીફમાં આવે તો આપણે તેમને પરિવારના સભ્યને મદદ કરીએ તે રીતે મદદ કરવી જોઈએ. B.A.P.S. એક પરિવાર.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)** **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહીં. (કા.૧૦/૨૪૨) (૩)

૨. જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ. અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. (મ.૩૩/૪૨૯) (૨૩)

૩. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે, તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. (મ.૨૨/૪૧૦) (૨૦)

**વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ નવી આવૃત્તિના આધારે**
**(ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩, ૪ અને ૫ ના આધારે)**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. લાડુદાનમાંથી બ્રહ્માનંદ**

| | | |
|---|---|---|
| ૧. | લાડુદાનજીએ સોની મહાજનના કપાળ પરના તિલક અને ચાંદલો જોઈને પૂછપરછ. | ૨/૧૩૪ |
| ૨. | સ્વામિનારાયણને ઉઘાડા પાડવા માટે ગઢડા તરફ મામા સાથે પ્રયાણ. | ૨/૧૩૫ |
| ૩. | મીઠાની પૂતળી સાગરનો તાગ કાઢવા ગઈ. | ૨/૧૩૫ |
| ૪. | લાડુદાને રસ્તામાં કરેલા સંકલ્પ. | ૨/૧૩૬ |
| ૫. | લાડુદાનના સંકલ્પોની પૂર્તિ. મીઠાની પૂતળી ઓગળવા લાગી - ધન્ય આજની ઘડી ! | ૨/૧૩૯-૧૪૦ |
| ૬. | મીઠાની પૂતળી સાગરમાં સમાઈ ગઈ. | ૨/૧૪૧ |

**૨. કાળ સામે ચેતવવા શ્રીહરિનું વાયુવેગી વિચરણ**

| | | |
|---|---|---|
| ૧. | મહારુદ્ર મહારાજના દર્શને - મહારાજને વિનંતી કરી - આપે આગાહી કરી છે તેથી આપની આજ્ઞા નહીં પાળે તેનો કચ્ચરઘાણ નીકળી જશે. આપના કોઈ ભક્તનો અપરાધ થઈ જાય તો ક્ષમા કરશો. - આપના સંતોને વામમાર્ગી બાવાઓએ માર્યા - આવા બાવાઓને લીધે ભાગવત ધર્મનું સ્થાપન નહિ થાય માટે આપની પ્રેરણાથી અધર્મનો નાશ કરીશ. | ૩/૨૪૦ |
| ૨. | ખોલડિયાદમાં જીવા સિંધવ અને હંસરાજ શેઠને ત્યાં પધાર્યા - રૂડા સિંધવે મહારાજને કહ્યું કે વરસાદ નહિ પડે તો ખૂબ મુસીબત થશે. માણસ માણસને ખાશે. આપ ભગવાન છો. આપનું ધાર્યું જ થાય છે. મહારાજે રાત્રે કૃપા કરી તેના ખેતરમાં વરસાદ વરસાવ્યો. | ૩/૨૪૨-૨૪૩ |
| ૩. | ખોલડિયાદથી ભનીજડા થઈ નાગડકા પધાર્યા - સુરાખાચરની વિનંતીથી મહારાજ સંતોને તેમના દરબારમાં મોકલવા તૈયાર થયા. | ૩/૨૪૪-૨૪૫ |
| ૪. | મહારાજ વેશપલટો કરી બોટાદમાં - હમીરખાચર મહારાજને ઓળખી ન શક્યા. | ૩/૨૪૫-૨૪૬ |
| ૫. | ઝીંઝાવદરમાં અલૈયાખાચરને ત્યાં - કારિયાણી વસ્તા ખાચરને ત્યાં | ૩/૨૫૧-૨૫૩ |
| ૬. | મેથાણમાં દેવશંકર અને કૃષ્ણજીને સંદેશો ‘તમારા વહાલા સગા આવ્યા છે.’ યોગક્ષેમ વહામ્યહમ્ - મેંથાણના દરબાર પૂજાભાઈ તથા કાકાભાઈને મહારાજે જેતલપુરથી અનાજ અપાવ્યું. | ૩/૨૫૬-૨૬૦ |
| ૭. | મેથાણથી પંચાળા ઝીણાભાઈના દરબારમાં - ઉપલેટાનાં વેરાભાઈ દર્શને આવ્યા. મહારાજની અનાજ સાચવવાની આજ્ઞા પાળી ન હતી તેથી દુઃખી હતા. મહારાજે ઝીણાભાઈ પાસે તેમને ખાનગીમાં વસ્ત્ર, દાણા, રકમ વગેરે અપાવી. વેરાભાઈનું દુઃખ ટાળ્યું - | ૩/૨૬૧-૨૬૩ |
| ૮. | ભાદરામાં વશરામ સુથાર મહારાજને ઓળખી ન શક્યા તેથી પાણી પીવા ન આપ્યું. | ૩/૨૬૩ |

**૩. કુશળકુંવરબાની શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિ**

| | | |
|---|---|---|
| ૧. | પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે. | ૩/૩૯૯ |
| ૨. | ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત - ઘણા દિવસના વિયોગનો અંત આવ્યો. | ૩/૪૦૩-૪૦૫ |
| ૩. | ભક્તો પહેલાં મહારાજ પછી - તેમાં જ મહારાજ પ્રત્યેની ભકિત છે. | ૩/૪૦૫ |
| ૪. | આપ અનંત અવતારોનું મૂળ છો.- દાણ રાજ્ય ચૂકવશે - દસ દસ ગાઉએ ચોકી મૂકી - લૂંટાવાનો ભય નહીં. | ૩/૪૦૫, ૪૦૭ |
| ૫. | મેં તમારો અપરાધ કર્યો છે. - સંતોનું ધ્યાન રાખી શકી નહીં - સંતો માંદા થઈ ગયા છે. | ૩/૪૦૮ |
| ૬. | ‘સંતો ખસી જાય તો હું મહારાજ પાસે આવું અને મહારાજને પોષાક પહેરાવું.’ | ૩/૪૧૦ |
| ૭ | ‘રાજમાતાએ હાથે ફોલેલા છે એટલે અણીશુદ્ધ હોય જ !’ - ‘તમને અણીશુદ્ધ ચોખા કરવા છે.’ | ૩/૪૧૫ |
| ૮. | હું જ મહારાજને જમાડવા આવું છું. - કુશળકુંવરબા | ૩/૪૧૭-૪૧૮ |
| ૯. | આ રાજમાતા તો સાક્ષાત્ અન્નપૂર્ણા છે. | ૩/૪૧૮-૪૧૯ |
| ૧૦. | અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. - શ્રીજીમહારાજ | ૩/૪૧૯ |
| ૧૧. | અનિર્દેશ તે કયો દેશ છે ? - કુશળકુંવરબા - મહારાજનું પૂજન. | ૩/૪૨૭-૪૨૮ |
| ૧૨. | મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ? કુશળકુંવરબા - | ૩/૪૨૮-૪૨૯ |
| ૧૩. | રાજ્ય વધારવાનો લોભ રાખશો નહીં. - શ્રીજીમહારાજ | ૩/૪૨૯-૪૩૧ |

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

૧. **શ્રીજીમહારાજની વ્યસન મુક્તિની વિશિષ્ટ રીત (૨/૧૯૪-૧૯૭, ૨૦૬) (૧)** મહારાજ ‘મૂળખાચર, તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ.’- મૂળુખાચર ‘મારે હોકાનું અને અફીણનું બંધાણ છે તે નિયમ ન પળાય.’ - સુરાખાચર ‘એનાથી સત્સંગી નહિ થવાય. બંધાણ ભારે છે.’ - મહારાજ ‘ભલે હોકો પીએ, અફીણ ખાય પણ વર્તમાન ધરાવીને કંઠી પહેરે !’ - મૂળુખાચરે વર્તમાન લીધા - મહારાજે ગુજરાત આવવા કરેલી આજ્ઞા - ઝીંઝાવદર અને કારિયાણીની વચ્ચે નિષ્કુળાનંદ સ્વામી અને વરદાનંદ સ્વામીએ મહારાજને નવરાવવાની વાત કરી. - મહારાજ - ‘પહેલાં આ મૂળુખાચરનો હોકો ધોવરાવો તથા બીજા બધાને પાણી પાવ પછી અમે નાહીએ -

'ઓલ્યો હોકાવાળો છે તે સત્સંગી નથી લાગતો. સ્વામિનારાયણના સત્સંગી હોકા-બીડી પીવે નહિ.' - મૂળુખાચર 'આ હોકાએ મને સત્સંગી મટાડી દીધો ? ' મૂળુખાચરે હોકો ફોડી નાખ્યો. (૨) વરતાલમાં કાઠી હરિભક્તોના દર્શને સૌ આવવા લાગ્યા - 'કાઠી ભક્તો ભેળા આ આવ્યા છે, પણ સત્સંગી લાગતા નથી.' - બધુંય અફીણ ફેંકી દીધું - મહારાજ 'મૂળુખાચર ! હોકાપાણીનો બરોબર બંદોબસ્ત થયો છે ને ?' - મૂળુખાચર 'મેં તો હોકોય ફોડી નાંખ્યો અને અફીણે નાંખી દીધું' - 'હોકો કુસંગીના વચનથી ફોડ્યો અને અફીણ સત્સંગીના વચનથી મેલ્યું.'

**૨. શ્રીજીમહારાજની ભક્તવત્સલતા**

| | | |
|---|---|---|
| ૧. | મહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે. | ૨/૩૦૨ |
| ૨. | વિશ્રામ ભગતની મઠની ખીચડી જમ્યા. | ૨/૩૧૪ |
| ૩. | જેતલપુરની ગણિકા પાવન બને છે. | ૨/૪૧૮ |
| ૪. | જીવણ ભક્તનો થાળ જમે છે. | ૨/૪૩૩ |
| ૫. | કંડોરડાના વિપ્ર કેશવજી માટે તિરસ્કારથી વિપ્રે કહેલાં વચનો - મહારાજે બ્રાહ્મણોની ચોરાસી કરી વિપ્રનો ઉતારેલો મદ. | ૩/૯૯ |
| ૬. | પંચાળામાં ખટરસ મૂકાવ્યાં - ખોરી જારના રોટલા - ગઢપુરના હરિભક્તો પ્રત્યે અત્યંત હેત. | ૩/૧૦૭-૧૦૯ |
| ૭. | કરિયાણામાં કાળા મકવાણાને ત્યાં મહારાજે કરેલો ઉતારો-દશેરાનો ઉત્સવ-લક્ષ્મીજી રૂપિયા આપી ગયા. | ૩/૧૧૦ |
| ૮. | રિસાયેલાં સૂરપ્રભાદેવીને મનાવવા ગયેલાં મહારાજ - રામપર છોડી દેવાની કરેલી આજ્ઞા | ૩/૧૧૨-૧૧૩ |
| ૯. | વીસનગરના ભક્તોના દુઃખથી ઉદાસ થયેલા મહારાજ | ૩/૧૧૩ |
| ૧૦. | મહારાજ એકલા વીસનગર જાય છે. | ૩/૧૧૪-૧૧૫ |
| ૧૧. | મહારાજ વાઘની બોડમાં હાથ નાખે છે. | ૩/૧૨૨-૧૨૩ |
| ૧૨. | લાલદાસને સમાધિમાં જમપુરી - મહારાજને નમે છે. | ૩/૧૨૪-૧૨૫ |
| ૧૩. | તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે. | ૩/૧૧૫ |
| ૧૪. | તારા સ્વામિનારાયણ ભગવાન હોય તો આ પીપળો ખસેડીને સામા ઘર સુધી લઈ જાય.-વીસનગરનો સૂબો | ૩/૧૧૯ |
| ૧૫. | મહારાજે ખસેડેલો પીપળો. | ૩/૧૨૧ |
| ૧૬. | નાજા ! અમે આવી ગયા છીએ. | ૩/૧૩૧ |
| ૧૭. | અમે ભક્તો માટે જ દેહ ધરીએ છીએ. | ૩/૧૩૧-૧૩૨ |
| ૧૮. | વાસુરખાચર ભક્ત બને છે. | ૩/૧૩૩ |
| ૧૯. | નાજા જોગિયાને ગઢપુર આવી જવાની આજ્ઞા | ૩/૧૩૪ |
| ૨૦. | મયારામ ભટ્ટની વૃત્તિમાં અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ નથી. આવાં ભારે વસ્ત્રો તથા આભૂષણોમાં તે લોભાય તેવા નથી. | ૩/૧૩૭ |
| ૨૧. | મહારાજ બ્રહ્માનંદ સ્વામીને બેરખો મારે છે. | ૩/૧૩૮ |
| ૨૨. | નિયમનું બંધન સૌએ સ્વીકારવું જોઈએ - મુક્તાનંદ સ્વામીને મારેલો બેરખો. | ૩/૧૩૯ |
| ૨૩. | બ્રહ્મચારી તો સ્વપ્નમાં પણ અમારી સેવા કરે છે - મૂળજી બ્રહ્મચારીને બેરખો મારી કરાવેલી પ્રતીતિ. | ૩/૧૩૯-૧૪૦ |
| ૨૪. | દેવા પટેલનો મોભ ખભા ઉપર ઊંચકે છે. | ૩/૧૭૮-૧૭૯ |
| ૨૫. | મામૈયા પટગરને અર્ધી રાત્રે દર્શન દેવા પધાર્યા. | ૩/૧૮૭-૧૮૮ |
| ૨૬. | અગણોતેરા કાળમાં ભક્તોની રક્ષા માટે ચેતવણી - ગામોગામ વિચરણ. | ૩/૨૩૩-૨૩૪ |
| ૨૭. | તમારી પ્રકૃતિ અમે સહન કરીશું પણ દાદાનું દુઃખ સહન નહીં થાય. | ૩/૩૫૫ |
| ૨૮. | કુશળકુંવરબાના અતિ આગ્રહથી ધરમપુર પધાર્યા. | ૩/૩૯૧ |
| ૨૯. | શ્રીહરિ સેવક મિયાંજીના ઘર પાવન કરે છે. | ૩/૩૯૨-૩૯૩ |
| ૩૦. | મહારાજના વિયોગમાં દાદાખાચર લુખું સૂકું જમતા તે સાંભળી મહારાજની આંખમાં આંસુ 'અમારાથી હવે અહીં ન રહેવાય. | ૩/૪૧૩ |

### ૩. શ્રીજીમહારાજને મારવાના થયેલા પ્રયત્નો

૧. વામચારી બ્રાહ્મણોનું દુઃખ - અમદાવાદનો સૂબો મહારાજને આમંત્રણ આપે છે. - સૂબાના હાથ હેઠા પડે છે. - કોઈના પતનમાં આપણે નિમિત્ત ન બનવું - મહારાજ દેવાનંદ સ્વામીને. - સૂબાનું ફરમાન - ઇડરિયા દરવાજેથી શહેર બહાર નીકળી જાઓ. ૨/૪૪૦-૪૪૪

૨. જેતલપુરમાં વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. ઈશારામાં સમજી ગયેલા મૂળુભાઈ તેનું કપટ પકડી પાડે છે. ૨/૪૬૧-૪૬૨

૩. મહારાજ અને તેમના સાધુઓને જેર કરવાની સૂબાની આજ્ઞાથી લોલંગરે છૂટા મૂકેલા બાવા - લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ. ૨/૪૬૪-૪૬૫

૪. આજે ખાંડાના ખેલ ખેલવાના છે. - નથુ ભટ્ટના ઘરને બાવાઓએ ઘાલેલો ઘેરો - ચાર પાડ્યા ચોકમાં. ૨/૪૭૨-૪૭૩

૫. અમદાવાદનો વૈરાગી બ્રાહ્મણ મહારાજને મારવા માટે તેરા આવ્યો હતો. ૩/૫

૬. જોબનપગીનું પરિવર્તન. ૩/૬૩

૭. આણંદમાં ઉપાધિ - ભક્તોના આગ્રહથી પધરામણી. - ખૂબ અપમાન સહન કર્યું. ૩/૪૭-૫૨

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **માનો ચૈતન્યરૂપ તમારું (૩/૩૮૫-૩૮૬)** વડતાલમાં મહારાજે સંતોની સભામાં વેણ ઉચ્ચાર્યું : 'આટલા બધા સંતોમાંથી કેટલા જણ કઠણ વ્રતપાલનમાં આત્માનંદ સ્વામી જેવા શૂરવીર છે ?' ત્યારે સંતોએ કહ્યું : 'મહારાજ! અમારે તો જેમ આપ કહો એમ જ કરવું છે. અમે તો અમારાં તન-મન આપને અર્પણ કર્યા છે. તમારી મરજી હોય એમ જ વર્તવાનો દૃઢાવ અમારે છે. કહો તો ભૂખ્યા રહીએ, વસ્ત્રોનો ત્યાગ કરીએ, હિમમાં ઉઘાડે શરીરે રહીએ. પાણી પીવાનું પણ છોડી દઈશું, મૌન વ્રત રાખીશું, તમે ન મળ્યા હોત તો જન્મ-મરણ ભોગવવાનાં હતાં. તેથી આ જન્મે તો આપનું ધાર્યું જ કરવું છે. આપની કૃપાથી અમને હિંમત બંધાઈ છે કે તમે કહો તે કેમ ન થાય ?' મહારાજે કહ્યું :'તમારા વર્તથી લાગે છે કે તમે બધા એકએકથી અધિક છો. પણ અમે તમને વધુ અગત્યની વાત કહીએ છીએ કે તમે તમને આત્મા માનો. આપણે આત્મા છીએ. આ દેહ તો નાશવંત છે. તે ચૈતન્યના સંબંધે કરીને ચૈતન્ય જેવું દેખાય છે. આત્માનો સંબંધ ન હોય તો તે જડરૂપ જ છે. એટલે આત્મારૂપે વર્તવું ને પોતાને આત્મારૂપ, અક્ષરરૂપ માનીને પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી ચઢિયાતી વાત છે.'
**મનન :** દેહ અને આત્માને નોંખા સમજવાના છે. તલવાર અને મ્યાન નોંખા ખખડે છે. તેમ નોંખા મનાવા જોઈએ. તો જ શબ્દ આકાશનો ભાગ મનાય અને અહંકાર ન આવે.

૨. **સોમબા ફુઈ મહારાજને મનાવવા જાય છે. (૩/૩૫૪,૩૫૫)** સોમબા ફોઈથી રીસાયેલા મહારાજ હરજી ઠક્કરને ઘેર જતાં રહેલા હોય છે. સોમબા ફૂઈ ત્યાં મહારાજને મનાવવા જાય છે. તેમને જોઈને મહારાજ અંદરના ઓરડામાં જવા લાગ્યા તો ફૂઈએ મહારાજને દાદાની આણ આપી એટલે મહારાજ ઊભા રહી ગયા. ત્યારે ફૂઈએ કહ્યું : 'મારામાં એવો એક પણ ગુણ નથી કે આપની ભક્તિ કરી આપને રાજી કરી શકું ! આપ મારો ત્યાગ કરશો તો સૌના ધિક્કારનું પાત્ર બનીશ, જીવવું આકરું થશે, હવે આવી ભૂલ નહિ કરું. આપ જાઓ તો ભલે પણ મને ઝેર આપીને જાઓ. લોકો તિરસ્કાર કરશે કે મારા ખાતર તમે દાદાને અને તેના પરિવારને છોડી દીધો. એભલ બાપુએ દાદાને આપને ખોળે મૂક્યા છે. હજુ તેને માથે શત્રુ ફરે છે, આપ છત્ર હતા તો તેની રક્ષા થઈ. હવે તેનું બધું વેરણછેરણ થઈ જશે. મારી કાળમુખી જીભ દાદાની વેરણ બની, તેના સત્યાનાશનું કારણ બની.' મહારાજ : 'અમારે ચાલ્યા જવું હતું પરંતુ દાદાની રક્ષા માટે અમે હવે રહીશું. તેને દુઃખ પડે તે અમારાથી સહન થતું નથી. તમારી પ્રકૃત્તિ સહન કરીશું પણ દાદાનું દુઃખ સહન નહીં થાય. **મનન :** મહારાજને પોતાના ભક્તોમાં વાણીનો દોષ રાખવો નથી. ભક્તને ભૂલનો અહેસાસ કરાવ્યો. ભક્તનું દુઃખ પણ ખમાતું નથી. પોતાના સાચા ભક્તને માટે બીજાની પ્રકૃત્તિ સહન કરવા પણ તૈયાર થાય છે.

૩. **ધોતિયું ધોવા દે તો ભગવાન સાચા (૩/૧-૨)** લાકરોડે નદીમાં મહારાજ સ્નાન કરવા ગયા. ત્યાં એક ભાવસાર પણ સ્નાન કરતો હતો. મહારાજના દર્શનથી તેના અંતરમાં શાંતિ થઈ. પણ ખરેખર આ ભગવાન કહેવાય ? તે વિચારે ચઢ્યો. તેને યાદ આવ્યું ભગવાન હોય તે અંતરનું જાણી જાય. તેણે સંકલ્પ કર્યો કે 'તેમનું ધોતિયું મને ધોવા દ્યે તો ભગવાન સાચા !' મહારાજે તેનો સંકલ્પ પૂરો કર્યો. તેણે કહ્યું : 'પ્રભુ ! તમે ભગવાન ખરા. તમે મારો સંકલ્પ પૂરો કર્યો છે.' ત્યારે મહારાજે તેને સાચી સમજ આપતાં કહ્યું : 'આ લોકમાં તપના, યોગના, મંત્રના, કે સાધનાના પ્રતાપે કેટલાકનાં મનની વાત જાણવાની શક્તિ આવે છે. પરંતુ તેથી તેમને ભગવાન કહેવા બરોબર નથી. જે ખરેખર ભગવાન હોય તે તો આપણા આત્મામાં માયાના અંધકારથી વ્યાપેલું અજ્ઞાન ટાળે, આપણા સ્વરૂપનું જ્ઞાન કરાવે, પોતાનું સ્વરૂપ ઓળખાવે.' તેણે કહ્યું : 'મને તો મારા આત્માનું જ્ઞાન થઈ ગયું. અને એ આત્માએ આપનું - ભગવાનનું સ્વરૂપ ઓળખાવી દીધું.' અને ધોતિયું ધોવા ગયો. મહારાજ માટે મીઠાઈ લઈ આવ્યો. મહારાજે જમીને તેને પ્રસાદી આપી. **મનન :** સાચા મુમુક્ષુ હોય છે તેને ભગવાનનું સ્વરૂપ તરત જ ઓળખાઈ જાય છે. ભગવાન પણ મુમુક્ષુ ખોટી જગ્યાએ ભરાઈ ન જાય તેને માટે સ્વસ્વરૂપની સાચી ઓળખ આપતાં હોય છે.

૪. **આતતાયીઓ આગળ અહિંસાએ નામર્દાઈ છે. (૨/૨૦૩-૨૦૪)** **(૧)** તખા પગીને શ્રીહરિ શૂરવીરતા ક્યાં અને કેવી રીતે વાપરવી તે સમજાવતાં કહે છે. 'તમારાં પાપમાત્ર તો આ દર્શનથી બળી ગયાં. હવે નવાં ન કરશો. જેટલું બળ, શૂરવીરતા, તમારા અત્યાર સુધીના ધંધામાં વાપર્યા તે બળ અને શૂરવીરતા હવે પ્રભુ ભજવામાં, પ્રભુને પ્રસન્ન કરવામાં વાપરો. હું રાજી થઈશ.' આ સાંભળી પગીઓએ ભાલા, તલવારો, તીરકામઠાં ફેંકી દીધાં. ત્યારે શ્રીહરિએ કહ્યું : 'એમ એ ફેંકી દેવાનાં પણ નથી. તેને સાચવો, તેનું પૂજન કરો અને ગરીબને કોઈ પીડતો હોય, સમજાવટથી માનતો ન હોય તો ગરીબની, બ્રાહ્મણની, સ્ત્રીની અને ગાયની રક્ષા માટે તેનો ઉપયોગ પણ કરો. એવા આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે. શ્રીહરિના શબ્દોમાં રાજનીતિની ફોરમ, ન્યાયનું પરિશીલન હતું. શ્રીહરિએ સહજમાં નિઃશસ્ત્રીકરણ કરાવી દીધું. ફક્ત આધ્યાત્મિક બળની, સંકલ્પની જરૂર હતી. જે શ્રીહરિએ પૂરી કરી. **(૨)** બામરોલીમાં સૌએ શ્રીહરિના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરતાં કાઠી સમાજને પણ જોયો. ગુજરાતમાં રાતોરાત ગામો લૂંટી, ત્રાસ વર્તાવી સવાર પહેલાં કાઠીયાવાડ પહોંચી જતા કાઠીઓ આજે ભક્ત બની ગયા હતા ! શ્રીહરિનું આ ભગવાનપણું હતું. તેમના ઐશ્વર્યથી, તેમના સંકલ્પથી કાઠિયાવાડનો સમાજ સુધરતો હતો. મંત્ર-તંત્રના ફેલમાંથી, ભૂત-પ્રેતના વહેમમાંથી લોકો બહાર આવતા હતા. શ્રીહરિના સંતો સ્ત્ર-ધનના ત્યાગી અપમાન, માર, તિરસ્કાર સહન કરી લોકોને સમજાવતાં કે 'પરમાત્મા એક જ છે, તેઓ જ એક સર્વકર્તા છે, બીજા ક્ષુદ્ર દેવ-દેવીઓ પરમાત્માની સત્તા પાસે અતિ અલ્પ છે. જેણે આ પરમાત્માનો આશરો લીધો તેણે તામસી દેવ-દેવીઓની બીક રાખવી નહિ. મંત્ર-જંત્ર કે ભૂત-પ્રેતના વહેમોનાં જાળામાંથી બહાર નીકળી જવું. શ્રીહરિના દિવ્ય વ્યક્તિત્વથી લોકોના અંતર નિર્મળ બની જતાં, અંતરનું અજ્ઞાન ટળી જતું. **મનન :** શસ્ત્રો ક્યાં કેવી રીતે વાપરવાં તેની સ્પષ્ટ સમજણ શ્રીહરિએ આપી. શ્રીહરિ અને સંતોના દાખડાથી પ્રજા જીવનમાં શુદ્ધિ આવી. લૂંટફાટ, લોકોને ત્રાસ આપવો, ભૂતપ્રેતના વહેમ વગેરેમાંથી છૂટકારો થઈને શુદ્ધ નિર્મળ જીવન બન્યું.

૫. **હીરાભાઈએ રાત્રે મહારાજને જલેબી જમાડી. (૩/૨૭૭-૨૭૮)** જાળિયામાં હિરાભાઈને ત્યાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે - મંદવાડની તીવ્રતા - મહારાજને તેર ઉપવાસ થયા. મુક્તાનંદ સ્વામી મહારાજને થોડું અંગીકાર કરવાનું કહે છે. ત્યારે મહારાજે પેંડા, બરફી, જલેબી મંગાવાનું કહે છે. હીરા ઠક્કરે કહ્યું મહારાજ અત્યારે મધરાતે જલેબી ક્યાંથી મળે ? ત્યારે મહારજ કહે છે ભુજની બજારમાં જોઈએ એટલી જલેબી મળે છે અને મને પાશેર જલેબીની ના પાડો છો ? જલેબી ન મળે તો જવનો પોંક લાવો. ભગુજીએ કહ્યું : આસો મહિનામાં જવ ક્યાંથી હોય ? ત્યારે મહારાજે કહ્યું : લાખો મણ જવ ઊભા છે ને મારે તો થોડો જ પોંક જોઈએ છે. હીરા ઠક્કર અને નગો બાબરિયો ભાયવદર જઈને ઝુણાભાઈને વાત કરી. તેમણે કંદોઈનું હાટ ઉઘડાવ્યું અને જલેબી ઉતરાવી તેઓ મહારાજ પાસે આવ્યા. ભગુજીએ પણ બાજરાનો પોંક મંગાવ્યા અને કહ્યું જવનો પોંક અને જલેબી આવી ગયા છે. મહારાજ જમતા જાય અને ભગુજીને કહેતા જાય તું મને જગાડતો રહેજે. હું જો ઊંડો ઊતરી જઈશ તો પાછો દેહમાં નહિ આવું. મહારાજની આવી વાતો સાંભળીને બધા રડતા. **મનન :** સંતો-હરિભક્તોએ મહારાજના મનુષ્ય ચરિત્રમાં પણ દિવ્યતાનો ભાવ રાખીને મહારાજની સેવા કરી રાજી કરી લીધા.

**પ્ર.૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **નિત્યાનંદ સ્વામી :** ૨/૨૯૨, ૪૫૯-૪૬૦, ૩/૧૪૦, ૧૬૨, ૨૧૪, ૨૧૫, ૩૬૩-૩૬૬, ૪/૩૭,
**પ્રસંગો :** ૧. શિયાળાની ઠંડીમાં કડબના ઓઘામાં હરિસિંહજી અને માલસિંહજીની વાડીમાં બેસીને ધ્યાન કરતા હતા. તેનાથી તે બંનેને તેમનો પ્રસંગ થતાં મેથાણમાં સત્સંગ થયો. ૨/૨૯૨

૨. મહારાજની આજ્ઞાથી સ્વામી શાસ્ત્રવિદ્યામાં પારંગત થઈને, મહારાજના દિવ્ય સ્વરૂપના મહિમાના સ્વરચિત સ્તોત્ર સાંભળાવ્યા અને મહારાજના આશીર્વાદ મેળવ્યા 'અજિત થશો, અદ્વિતિ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશો.' ૨/૪૫૯-૪૬૦

૩. મહારાજની આજ્ઞાથી ગઢડાની બજારમાં મૂમતી બાંધીને ફર્યા. ૩/૧૪૦

૪. નિત્યાનંદ સ્વામીની સમજણ : શ્રીકૃષ્ણથી પર અક્ષરના મુક્તો તથા અક્ષર અને તેથી પર જે પુરુષોત્તમ નારાયણ છે તે જ આ મહારાજ છે. ૩/૧૬૨

૫. નિત્યાનંદ સ્વામીની કથા શૈલીમાં સૌ કોઈ ખેંચાઈ આડુંઅવળું જોઈ શકતા નહિ. (ભાગવત કથા)૩/૨૧૪-૨૧૫

૬. શાંતિ કેમ થાય ? - શાંતિ તો નારાયણના ચરિત્રોમાં જ છે. - મુક્તાનંદ સ્વામીને નિત્યાનંદ સ્વામીએ સમજાવેલું રહસ્ય ૩/૩૬૩-૩૬૬

૭. મહારાજનો પ્રશ્ન : 'મુક્તમુનિનું ધ્યાન કરે તો મોક્ષ થાય કે ન થાય ?' નિત્યાનંદ સ્વામી ઉત્તર કરતાં કહે છે. 'જે સંત આપની તમામ આજ્ઞામાં યર્થાથ વર્તે છે, આપના સ્વરૂપનું સ્મરણ અને ધ્યાન અને ચરિત્રોનું ગાન કરે છે. તે સંતની સેવા મોક્ષપ્રદ છે. શુકદેવજીના ઉપદેશથી પરિક્ષિતનો, નારદજીના વચનથી પ્રહ્લાદ, ધ્રુવ, દક્ષના પુત્રો, ચિત્રકેતુ વગેરેનો મોક્ષ થયો. તેથી ભગવાનથી મોક્ષ થાય છે. તેમ આવા સંતથી પણ મોક્ષ થાય છે. કંસ, શિશુપાળ, પૂતના જેવા વૈરભાવે ભજન કરનારનું પણ ભગવાને કલ્યાણ કર્યું છે. પણ કલ્યાણકારી સંત પ્રત્યે જે વૈરભાવ રાખે તે તરી ગયો. તેવું સાંભળ્યું નથી. આમ માહાત્મ્યે સહિત સંતની સેવા કરવાથી મોક્ષ થાય છે. પરંતુ સંતના ધ્યાનથી મોક્ષ થયો નથી. ૪/૩૬-૩૮

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજના સ્વરૂપની સમજણમાં સર્વ પરમહંસો કરતાં આગળ- મહારાજની સર્વોપરી ઉપાસના દૃઢ - પ્રગટ સ્વરૂપની સાચી ઓળખ અને બીજાને પણ તે સ્વરૂપ ઓળખાવવાની એટલી જ ધગશ- સંત સેવાનું મહત્વ પણ સમજતા. - મહારાજના કહેવાનો મર્મ તરત જ સમજી જતાં અને તેનો અમલ કરતા.

૨. **વિજાપુરનાં વજીબા : પ્રસંગો :**

૧. મહારાજ વિજાપુરમાં વજીબાને ત્યાં - વજીબા સત્સંગી થાય છે. - સ્વામિનારાયણ પીપળાને ખસેડે તો ભગવાન માનજે - સબ ભૂમિ ગોપાલકી - સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે. - મહારાજ પીપળો ખસેડે છે. ૩/૧૧૬-૧૨૧

૨. તમારી ગાળો અમને મીઠી લાગી. ૩/૨૨૯-૨૩૦

**વ્યક્તિત્વનું આલેખન :** ધર્મને માટે બધું જ કરી છૂટવાની ભાવનાવાળાં. સાચી સમજણ પ્રાપ્ત થતાં આગળનું મૂકી દેતાં વાર ન કરનારાં. ખોટાનો સાથ ન આપનારા. સાચી સમજણને નિષ્ઠાપૂર્વક વળગી રહેનાર. મૂઢપણાની ભક્તિનું આદર્શ દૃષ્ટાંત.

## વિભાગ - ૩ : 'યોગીજી મહારાજ' નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. નિયમ ધર્મના અસિધારા વ્રતધારી (૯૦-૧૦૬)**

૧. **નિસ્નેહી :** ૧. અમદાવાદ આવેલા કમળશીભાઈને ભેગા ન થયાં. ૯૦-૯૧

૨. નાનાભાઈ છગનભાઈ હંમેશાં યોગીજી મહારાજના પ્રેમથી વંચિત. ૯૧

૩. મારું ગામ બ્રહ્મગામ. બ્રહ્મમહોલ છે. ૯૧

૪. અમારાથી તો એના ઝાડવાં પણ ન જોવાય. ૯૧

૫. ગામ, નામ, ઠામ બધું બળી ગયું. બ્રહ્મ હમારી જાત. ૯૨

૬. મારે ગામ નથી, મારે જાત નથી. - ધારીના વતનીને. ૯૩

૭. જન્મ સ્થાનનો પ્રસંગ ન વાંચવો. ૯૩

૮. મગનલાલ ડ્રેસવાળાનો પ્રસંગ. ૯૩

૨. **અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ.** મહારાજે આપણો સ્વાદ ટાળ્યો. - એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે તો બાધ નહીં. નૈરોબીમાં પ્લેનમાં બેસતા પહેલાં. પોતાનો ઉપવાસ સિદ્ધેશ્વર સ્વામીને કરવાની આજ્ઞા. ૯૪-૯૫

૩. **ત્યાગ વૈરાગ્ય :** ૧. અમારે સાધુને શાલ દુશાલા ન ઓઢાય. - કૃષ્ણશંકર શાસ્ત્રીએ ઓઢાડેલું રૂપેરી કોરનું રેશમી પીળું ઉત્તરીય શાસ્ત્રીને પરત. વૈરાગ્યનો વિવેકપૂર્ણ અભિગમ. - સોંઘી શાલ જાણીને સ્વીકાર. ૯૬-૯૭

૨. દિનુ ભટેસાએ લાવેલાં હાથ-પગના મોજાનો અસ્વીકાર, ચાંદીના પ્યાલામાં આવેલું દૂધ અંગીકાર ન કર્યું. ૯૮

૩. જાડાં વસ્ત્રો જ પહેરવાનો આગ્રહ.- પાટ પર સૂતા- સાધુતાનો વટ ઉતરી ગયો.- દવા તરીકે બદામ - ઈલાયચી. ૯૯-૧૦૧

## ૨. યોગીજી મહારાજને કોડ હતા બ્રહ્માંડ રંગવાના.

૧. ૧૧ શાસ્ત્રી સંસ્કૃતના પ્રોફેસર, ૧૧ કવિ, ૧૧ ઈંગ્લીશમાં પારંગત,૧૧ વચનામૃતના પ્રોફેસર કરી ગુણાતીત જ્ઞાનનો વાવટો ચારે ખંડમાં પ્રવર્તે ને સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ છે તે સૌને સમજાવી દેવું. ૧૬૬

૨. અમદાવાદમાં ૫૦૦૦ યુવકો કરવા છે. આખો દેશ ડોલાવવો છે. - આખો હિન્દુસ્તાન વશ કરવો છે. - યુરોપ, અમેરિકા બધે સત્સંગ જાગૃત કરવો છે. - આફ્રિકામાં ૫૦૦૦ યુવકો તૈયાર કરવા છે. - કરખડીમાં મનુભાઈને ત્યાં બોલ્યા હતાં દસ હજાર યુવકો કરવા છે. - જૂનાગઢમાં સ્વામીએ જાગા સ્વામીને વાત કરેલી કે ૨૦૦ છોકરાઓને બ્રહ્મવિદ્યા ભણાવી છે. - ૫૧ યુવકોને સાધુ કરવા છે. ગુણાતીતના બાણ બ્રહ્માંડ ડોલાવે - ઉર્દૂમાં, હિન્દીમાં પ્રચાર કરો. બ્રહ્માંડ તોડી નાખે તેવું કામ કર્યું છે. ૧૭૧-૧૭૨

૩. યોગીજી મહારાજના મહત્વના સંકલ્પોમાં આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય. તેમાં રહેલી યોગીજી મહારાજની દીર્ઘદ્રષ્ટિ ૧૭૮

૪. સમૈયા દ્વારા યુવકોમાં સેવા ઉપરાંત જ્ઞાનસત્રો યોજી અધ્યાત્મજ્ઞાનમાં રસ લેતા કર્યા. ૧૭૯

૫. આફ્રિકાની ત્રણ વિદેશયાત્રા, શિક્ષણ સંસ્થાઓ ને છાત્રાલયોની સ્થાપના, હરિભક્તો સાથે કરેલો વિપુલ પ્રમાણમાં પત્રવ્યવહાર દ્વારા સત્સંગનો કરેલો વ્યાપ ૧૭૯

૬. રવિવારની સત્સંગ સભા, દરેક ગામમાં સત્સંગ મંડળ દ્વારા નવા મુમુક્ષુઓમાં વધારો. - બાળકો ને વિદ્યાર્થીઓને વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતો, કીર્તન વગેરે કંઠસ્થ કરવા માટે માર્ગદર્શન આપતા. ૧૮૦

૭. રવિસભામાં કોઈ ન હોય તો થાંભલા સાથે કથા કરવાનું સૂચન - તેનાથી સત્સંગના મોટા ઝાડ થશે. ૧૮૨

૮. સ્વામિનારાયણ પ્રકાશમાં સાધુનો વટહુકમ નં. ૧ રવિવારની સભા ભરવી. ૧૮૩

૯. બાળમંડળ - કિશોર મંડળની સ્થાપના - સ્વયંસેવક દળના શ્રીગણેશ - આફ્રિકાના નાનાં મોટા શહેરોમાં મંદિર નિમાર્ણ - લંડનમાં મંદિર નિર્માણ - ઉપસંહાર ૧૮૪ થી ૧૮૭

## ૩. વાત્સલ્યમૂર્તિ ૧. પૂર્વભૂમિકા

૨. ભૂજ પ્રદેશમાં ગરીબ ખેડૂતની વિનંતી 'બાપજી મારી ઝૂંપડી પાવન કરો.' ભર બપોરે પધરામણીએ. ૧૩૭

૩. ઘાટકોપરના કિશોર સુરેશની વિનંતીથી તરત જ પધરામણીએ જવા તૈયાર. વીસ મિનિટ સુધી ટેક્ષીની રાહ જોતાં ઊભા રહ્યાં. ૧૩૮

૪. 'અમે તમને દર વર્ષે પ્રસાદ મોકલીએ છીએ. તે મળે છે ને ?' જેતપુરમાં ખોડપરાના રાજાભાઈ રાઠોડને. ૧૩૯

૫. 'જેઠાભાઈ, આજે અમે તમારો સંકલ્પ પૂરો કર્યો. હવે શ્રીજીમહારાજ બે વર્ષે તમને ધામમાં તેડી જશે.' જેઠાભાઈ પરબવાળાને. ૧૪૧

૬. 'તમે જમી લ્યો. હું હમણાં આવું છું.' - સારીંગ ગામના હરિભક્તને ઘેર પધરામણીએ જતાં પહેલાં મોટા સ્વામીને. ૧૪૧

૭. ‘મોટા સ્વામી, આપણે એને રાજી કરો. એનો પ્રેમભાવ તો જુઓ.’ બોટાદ સ્ટેશને સાંધાવાળાને રાજી કરવા. ૧૪૧-૧૪૨

૮. ‘આપણે સ્ટેશન માસ્ટરનો ભાવ પૂરો કરો. અહીં ઠાકોરજીને જમાડી લઈએ. સારંગપુર સંદેશો મોકલી આપીએ.’ - મોટા સ્વામીને. ૧૪૨

૯. શાસ્ત્રીજી મહારાજની ૧૦૨મી જન્મ જયંતી પ્રસંગે લકવાગ્રસ્ત વૃદ્ધને પાસે બોલાવી આશીર્વાદ આપ્યા. ૧૪૨-૧૪૩

૧૦. ઘોઘાવદરના હરિભાઈના પ્રેમને વશ ગાય-ભેંશને બાંધવાની જગ્યામાં ઉતારો કરી ભાવ પૂરો કર્યો. ૧૪૩

૧૧. રાજકોટના હરિભક્તોને ગુરુપૂજનનો લાભ આપવા માટે વર્ષોવર્ષ ગુજરાતથી રાજકોટ જતાં ને તરત પાછા ગુજરાત આવતા. ૧૪૩

૧૨. ગામડાંના પ્રેમી ભક્તોને યાદ કરી મુંબઈથી પત્રો લખ્યાં. ૧૪૪

૧૩. સાધુ મૂંઝાય તો તેની મૂંઝવણ ટાળવાના છેક સુધી ઉપાયો કરતા. ૧૪૪

૧૪. બોટાદની ટીકીટ કેન્સલ કરાવી જસદણ ઈશ્વરભાઈને આશ્વાસન આપવા પહોંચી ગયા. ૧૪૫

૧૫. નરનારાયણ મંદિરના હજૂરી સેવક આત્મારામભાઈને નવા પંખાની તથા ફળોની વ્યવસ્થા કરી આપી. ૧૪૫

૧૬. અમદાવાદના ખોડા ભગતની ખબર જોવા વી.એસ. માં ગયા. ૧૪૬

૧૭. ‘બે શું અમે પાંચ દાદરા પણ ચડી જાશું.’ ડૉ. રમણભાઈને. ૧૪૬

૧૮. ‘તમે અક્ષર સ્વામીની સેવા કરો એમાં અમે બહુ રાજી છીએ.’ બાલમુકુંદ સ્વામી ‘તમે તો ગુણાતીતમૂર્તિ છો.’ અક્ષર સ્વામી. ૧૪૬

૧૯. ‘આજનો આવેલો હોય ને વીસ વરસ માંદો રહે તો પણ નભાવવો.’ ૧૪૭

૨૦. વિચરણમાં વિનુભાઈની પિચોટી ઠેકાણે આણી. ઘી, ગોળ અને સૂંઠનો પિંડો બનાવી ખવડાવ્યો. ૧૪૭

૨૧. માંદા પડેલા યુવક વિનુભાઈના પગ દબાવવા બેઠા. ૧૪૭-૧૪૮

૨૨. ‘તમે સૂઈ જાવ. માથું દાબવા દ્યો. સવારે તાવ ઉતરી જશે. ચિંતા કરશો નહીં.’ અમદાવાદના યુવક જગદીશભાઈ ત્રિપાઠીને. ૧૪૮

૨૩. ‘તમે ભાવપૂર્વક સેવા કરી છે તેથી અમે તમારા ઉપર બહુ રાજી છીએ.’ ગોવિંદભાઈના બરછટ હાથથી સ્વામીશ્રીને લોહીના ટશિયા ફૂટ્યા ત્યારે માફી માંગતા ગોવિંદભાઈને કહે છે. ૧૪૯

૨૪. ‘મારા ચંપલ પહેરો. ભગવાનના ભક્તને ઊઘાડા પગે ન જવા દેવાય.’ સારંગપુરમાં હકાભાઈને. ૧૪૯

૨૫. કંપાલાના યુવક મહેન્દ્રભાઈને ગોદડું પાથરી આપી સૂવાડી ઓઢાડીને ગયા - પુરુષોત્તમપુરામાં. ૧૪૯

૨૬. ‘તમે ખાવાનું શરૂ કરી દ્યો. અને તમારે ફરીથી જે જોઈતું હોય તે હું લાવી આપીશ.’ ‘ડાહ્યો ગાંડાને.’ ૧૫૦

૨૭. ‘તે પ્રસાદ માંગે છે. તો તેને પ્રસાદ આપી આવો.’ પેટલાદ સ્ટેશને ગાંડા માણસ માટે. ૧૫૦

૨૮. ‘પહેલાં ચૂની ભગત પાસેથી પોટલાં લઈ લો.’ અડવાળના રસ્તે ચાલતાં ચાલતાં હરિભક્તને. ૧૫૧

૨૯. ‘લે ! ઈ તો હું સમજ્યો જ નહોતો. તમારે અહીં જ જમવાનું હોય.’ મોરબીના જગજીવનભાઈને. ૧૫૧

**પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)**

**૧. ભીડો એ જ ભક્તિ**

૧. ભીડો વેઠવાનો હેતુ - હરિભક્તોના સંતોષ માટે, રાજી રાખવા માટે. ૧૫૫

૨. પધરામણીની સંખ્યા - વિકટ પરિસ્થિતિ શિયાળો - ઊનાળો - ચોમાસુ - દેહને ગણકાર્યા વિના પધરામણી. ૧૫૬

૩. કઠિન પરિસ્થિતિ - વાહન બગડે ધક્કા મારવાના - વરસાદ ચાલુ - નિર્ધારિત કાર્યમાં વિલંબ થાય છતાં પધરામણી ચાલુ જ રાખતા. ૧૫૬

૪. ભેંસદડમાં નવા મકાનમાં પધરામણી કરાવવાની હતી. બીજા ઘણા હરિભક્તોની પધરામણી માટે વિનંતી. રાતના દસ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ૧૫૬

૫. અમદાવાદમાં એકાદશીના દિવસે સવારે ૯.૩૦ થી સાંજે ૬ સુધી ફરી પધરામણી. ૮.૧૫ થી ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા. ૧૫૭

૬. વાસદથી પીપલગ સવારે ખાતવિધિ. પછી ખુરશીમાં બેસી પધરામણીઓ. ૧૫૭
૭. માંદગીના આરામ બાદ ગુજરાતમાં પધારે ત્યારે ભરચક કાર્યક્રમ શરૂ. ૭૯ વર્ષની ઉંમર સુધી આ બધું વેઠ્યું. ૧૫૮
૮. શિયાળામાં સખત શરદી. તાવ, અશક્તિ છતાં અસમર્થ થાય ત્યારે જ આરામ. છતાં કથાવાર્તામાં સંપૂર્ણ સ્વસ્થતા બતાવે. ૧૫૮
૯. અપરંપાર ભીડો છતાં મહારાજના પરમહંસોના ભીડાની વાત. દેહને કારસો પડે પણ મહિમા જાણવો. ૧૫૮
૧૦. સ્વામીશ્રીની દયાળુ પ્રકૃત્તિ. તેથી ભક્તોનો ગમે તે નાના પ્રસંગોમાં પણ સ્વામીશ્રીને તેડાવવાનો આગ્રહ. ૧૫૯
૧૧. નિરર્થક ખાનગી મુલાકાતોમાં સ્વામીશ્રીનો સમય વ્યય. વૃદ્ધાવસ્થા તકલીફનો વિચાર નહીં. ૧૫૯
૧૨. સ્વામીશ્રીના ભીડાને કારણે સંપ્રદાયને અમર્યાદ પ્રાપ્તિ. સંતપણાની અગાધ અસર સમાજ પર. ૧૫૯

**૨. ગુરુશિષ્ય**

૧. ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાય છે તે કલ્યાણ થઈ જ ગયું છે. ૧૧૭
૨. ૪૦ વર્ષ સુધી શાસ્ત્રી મહારાજની અનુવૃત્તિ સાચવી છે. ૧૧૮
૩. શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું જ કર્યું છે. ૧૧૮
૪. વીસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની પૂજા પાથરી છે. ૧૧૮
૫. ગુરુમાં સંપૂર્ણપણે જોડાઇ તદ્‌વત્‌ ભાવને પામવું. ૧૧૮
૬. ગુરુ સાથે પોતાની તુલના ન થવા દેતા કોઈ કરે તો ચાંદ્રાયણ કરવાનું પ્રાયશ્ચિત. ૧૧૯
૭. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા કે ઈચ્છા આગળ પોતાનો આગ્રહ કે સિદ્ધાંત પકડી રાખતા નહીં. ૧૧૯
૮. જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ૧૨૦
૯. ૮૦ મી જન્મ જયંતીએ ‘સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.’ ૧૨૧
૧૦. પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા. ૧૨૨
૧૧. શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ. ૧૨૨
૧૨. મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. ૧૨૩

**૩. ઐશ્વર્ય**

૧. આપનામાં મને રામકૃષ્ણ પરમહંસના દર્શન થાય છે. - નટવરલાલ દવે. ૨૨૬
૨. સર્વજીવોના અંતર્યામી આપ કેવી રીતે છો ? લંડનમાં ન્યુઝ એજન્સીના રિપોર્ટર મિ. ડેવિસનો પ્રશ્ન ૨૨૬
૩. ‘બાપનો વંશ દીકરો મહારાજનો વંશ સત્પુરુષ’ સૂત્રમાં ઘણું બધું રહસ્ય છતું થયું. ૨૨૭
૪. નાના અક્ષરસ્વામીને સ્વપ્નમાં શાસ્ત્રીજી મહારાજના દર્શન - યો.મ.નું અપમાન કરવાના પ્રાયશ્ચિતરૂપે એકાવન ઉપવાસની આજ્ઞા ૨૨૮
૫. ‘સ્વામી અંતર્યામી ખરા ’ - સોમાભાઈ ચાવાળાને તેમના સંકલ્પ પ્રમાણે સેવા કરવાની આજ્ઞા ૨૨૮
૬. ‘આજે ભગવાનના સાન્નિધ્યનો આનંદ શો હોય તેનો અનુભવ થયો.’- મગનભાઈ ૨૨૯
૭. સંવત્‌ ૨૦૧૩માં ગોંડલમાં હરિયાગ અને અક્ષર જન્મોત્સવમાં અઢારથી વીસહજાર જેટલા ભક્તોને અંગત સુખ આપ્યું. ૨૨૯
૮. ‘ફુવારા પાસેથી કેમ પાછા વળી ગયા ? ઘાટ પર કેમ ન આવ્યા ?’ જજ વી. સી. દવે સાહેબને સ્વપ્નમાં યોગીજી મહારાજના દર્શન. ૨૩૦
૯. શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર વાંચો તેમાં મારું આવી ગયું. - વિનુ ભગતને ૨૩૦
૧૦. ‘તમને એમ થાય છે કે આ જોગી શું કરશે ? પણ એ તો સૌને પ્રિય થઈ જાશે. શાસ્ત્રીજી મહારાજના આદરેલાં કાર્ય પૂરાં કરશે. હવે શંકા ન રાખવી.’ દેરીમા પ્રદક્ષિણા કરતાં મણિભાઈ તથા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટને ૨૩૦-૨૩૧
૧૧. જો હું ધારું તો ..... તમને સેવા ક્યાંથી મળે ? ૨૩૧
૧૨. મંદિરનાં પગથિયાં ચઢતાં જમણી બાજુએ ઓસરીના ખૂણા ઉપર બેઠા હતા. અમે ભેળા હતા. ૨૩૨
૧૩. બાપા બીજે જમો છો ? પ્રેમપ્રકાશ સ્વામી. - આખો દેશ જમાડે છે. ‘જોગી જમો, જોગી જમો.’ એમ કહે છે. આ ઓડકાર પણ એના આવે છે. ૨૩૨

૧૪. 'અહીં અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા છે. તેથી દર્શન કરવા આવ્યા. તે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિઓ હતા.' - તણસા ગામના મુસ્લિમભાઈને. ૨૩૩
૧૫. ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીને ત્રાપજ પધારવાનું આમંત્રણ આપવાની સ્વામીએ ના પાડી. મહારાજાનું અવસાન ૨૩૩-૨૩૪
૧૬. ડર્બનથી આવેલી ધાબળી ઓઢી રાખી. ૨૩૫
૧૭. મહારાજે અક્ષરધામમાં ખીચડી ખાધી. ૨૩૫
૧૮. ચમત્કારી ઘટનાઓ ૨૩૬-૨૩૯
**૪. ભગવાન સૌનું ભલું કરો**
૧. ઘાટકોપર સર્વોદય હોસ્પિટલમાં - બધા દર્દીઓ સાજા થઈ જાય. ૨૪૧
૨. આ તો બંડિયા છે. એમ કહે તો પણ કલ્યાણ. ૨૪૨
૩. કીર્તિ એક્સપ્રેસને ભયંકર અકસ્માત થયેલ તે જગ્યાએ અવગત પામેલ જીવોની સદ્ગતિ માટે તે સ્થળે જળ છંટકાવ. ૨૪૨
૪. થેમ્સ નદીમાં ઠાકોરજીને નવડાવ્યા. હવે આ નદી પવિત્ર. જે સ્નાન કરે તેનું કલ્યાણ. ૨૪૨
૫. રમણભાઈના બગીચામાં બાથમાં જે નહાય તેનું કલ્યાણ. ૨૪૨
૬. અમરેલીની નગરયાત્રાના દર્શન કરનારનું કલ્યાણ. ૨૪૩
૭. અડાલજની વાવ બનાવવામાં સહભાગી થનાર દરેકનું કલ્યાણ. ૨૪૩
૮. વૃંદાવન ગાર્ડન બનાવનાર - ત્યાં જોવા જનાર - ત્યાંના માળી સર્વનું કલ્યાણ ૨૪૩
૯. મદ્રાસ રાયપુર દરિયામાં રહેલ જીવજંતુનું કલ્યાણ. ૨૪૩
૧૦. નારાયણસિંગની સો મિલમાં થાંભલા તરીકે ગોઠવેલ ઝાડનું કલ્યાણ. ૨૪૩
૧૧. સ્ટીમરમાં હરિભક્તોએ યાત્રા કરી તે દરિયાનું કલ્યાણ. આખા નૈરોબી શહેરનું કલ્યાણ. ૨૪૩
૧૨. થૂંકદાની પ્લેનમાં રહી ગઈ. તે લઈ જનારનું કલ્યાણ. ૨૪૪
૧૩. કિસુમુમાં બંગલામાંના આંબાનું કલ્યાણ. ૨૪૪
૧૪. વિકટોરીયા સરોવરના કિનારા પરના પથ્થરનું કલ્યાણ. - સરોવરમાં સ્નાન કરે તે બધાનું કલ્યાણ. ૨૪૪
૧૫. જ્યાં વિમાન ઉડ્યું તે નીચેની ધરતી, ત્યાં રહેનાર મનુષ્યો, જીવજંતુ બધાનું કલ્યાણ. ૨૪૪
૧૬. સ્વામીશ્રીને કરડનાર લાલ મંકોડાનો મોક્ષ. ૨૪૫
૧૭. યોગીજી મહારાજની માળા ફોલી ખાનાર ઉંદરનું કલ્યાણ. ૨૪૫
૧૮. ભાદરામાં વડના ઝાડ પરથી ચરકનાર પક્ષીનું કલ્યાણ. ૨૪૫
૧૯. સગડીમાંથી કોલસો ઊડીને સ્વામીશ્રીને ગળે. ફોલ્લો પડ્યો. તણખો ઊડ્યો તે ઝાડનું કલ્યાણ. ૨૪૬
૨૦. પટેલના ખેતરમાં દસ હજાર વર્ષથી તપ કરતાં આંબાનું કલ્યાણ. ૨૪૬

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૨ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **આફ્રિકામાં યોગીજી મહારાજે યુવકોનાં કપડાં ધોયાં. (૮૫)** સેવાની તક શોધતાં યોગીજી મહારાજને આફ્રિકા પ્રવાસ દરમિયાન બાથરૂપમાં લઘુ કરવા જતાં આવી તક મળી ગઈ. - બાથરૂમમાં યુવકોના ધોવાનાં કપડાં ભેગાં થયેલા હતાં. તે સ્વામીશ્રીએ જોતાં બાથરૂમનું બારણું અંદરથી બંધ કરીને બધાં કપડાં ધોઈ નાખ્યાં. જ્યારે તેઓ બહાર નીકળ્યાં ત્યારે સૌને ખબર પડી કે સ્વામીશ્રીએ સૌનાં કપડાં ધોઈ નાખ્યા છે. **મનન :** સેવા કરવી જોઈએ તેવો ખાલી ઉપદેશ જ ન આપતાં તક મળે જાતે પણ સેવા કરવા મંડી પડતા. પોતાનાથી નાનાની પણ સેવા કરતાં.

૨. **નારાયણભાઈ પટણીને કહ્યું, 'જગતની ગંધ કાઢી નાખવી છે.' (૧૬૧)** સ્વામીશ્રી સાથે રજાઓ ગાળવા આવેલા નારાયણભાઈ રાયકા સ્ટેશનેથી ચાલીને અડવાળ આવતાં રસ્તામાં ચંપલ તૂટી જતાં ઉઘાડે પગે ચાલતાં પગમાં ફોલ્લા પડી ગયાં. સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે પોતાને લીધે એ મુશ્કેલીમાં મૂકાયા હોય તેમ વ્યથિત થઈ ગયાં. નારાયણભાઈને મળ્યા અને બોલ્યા : 'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના ... જીવનપ્રાણ આવી ગયા !'

'શરીર કેમ સૂકાઈ ગયું ?' 'જગતની ગંધ કાઢી નાખવી છે. ચિંતા કરશો નહીં.' **મનન :** 'યુવકો મારું હૃદય છે' કહેનારા યોગીજી મહારાજ યુવકોને પડતી મુશ્કેલી પોતાને લીધે જ પડી હોય તેવું અનુભવતાં. યુવકોને પ્રેમના સાગરમાં ભીંજવી નાખતા. અનંત જનની જેવો પ્રેમ યુવકોને કરતા.

૩. **પાંડુરંગ શાસ્ત્રીજીએ ૩૫ વર્ષનો નિયમ તોડ્યો. (૨૫૫)** તા. ૩૦-૧૨-૧૯૬૭ના રોજ શાસ્ત્રીજીના આમંત્રણથી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં સ્વામીશ્રી સંતો હરિભક્તો સાથે પધાર્યા. શાસ્ત્રીજીએ સ્વામીશ્રીની ખુરશી ઉપાડવાની ઈચ્છા કરી પણ સ્વામીશ્રીએ તેમને રોક્યા. શાસ્ત્રીજીએ પ્રવચનમાં કહ્યું : 'સ્વામીશ્રીનાં દર્શનથી અને આ ભૂમિ પર તેમનાં પગલાં પડવાથી મને આનંદ થયો છે. ભગવાનનું કે ભક્તિનું વર્ણન કરવાની મારી લાયકાત નથી પણ યોગીજી મહારાજના આશીર્વાદ છે. અમને એવી સ્થિતિ આવે કે અમે ભગવાનનું વર્ણન કરી શકીએ. ભગવાનનો મહિમા સાચા અર્થમાં ગાઈ શકીએ.' જમવાના સમયે. ડૉક્ટર સ્વામીએ જમવાનું કહ્યું ત્યારે બેસવાની મુશ્કેલી હોવાથી ના પાડી. એટલામાં સ્વામીશ્રી પધાર્યા અને કહ્યું એટલે તકલીફ હોવા છતાં બેસી ગયા. છેલ્લા ૩૫ વર્ષ ભર્યું ભાણું જ તેઓ જમતા. એકવાર લીધા પછી ફરીથી લેતા ન હોવા છતાં તે નિયમ આજે તોડીને સ્વામીશ્રીએ તેમને વધુ પીરસાવ્યું તો તેમણે લીધું. અને કહ્યું : 'યોગીબાપા આપે છે તે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ આપે છે એમ હું સમજું છું. ૩૫ વર્ષનો મારો નિયમ તોડું છું. જો કે આમાં ખરેખર તો કોઈ નિયમ તૂટતો નથી. આપનો અદ્‌ભૂત પ્રતાપ છે કે પ્રલોભનો મૂકીને આ યુવાનો સાધુ થયા છે.' **મનન :** અન્ય ધર્મના વડા પણ યોગીજી મહારાજને સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજનું સ્વરૂપ સમજતાં હતાં. તેમની ઈચ્છાને ભગવાનની ઈચ્છા જ સમજીને માન આપતા. તે પ્રમાણે કરવામાં પોતાના કોઈ નિયમનો ભંગ થાય છે. તેવું સમજતા ન હતા.

૪. **યોગીજી મહારાજે હર્ષદભાઈને કહ્યું, 'પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે.' (૨૭૪)** સને ૧૯૭૧માં યોગીજી મહારાજે ગોંડલમાં માંદગી ગ્રહણ કરી ત્યારે માંદગીમાં પણ સંતો ગમ્મત કરાવાતાં અને આનંદ કરાવતાં તા. ૧૮-૧-૭૧ના રોજ હર્ષદભાઈને બોલાવી કહ્યું : 'હવે દેહ નહીં રહે.' ત્યારે હર્ષદભાઈએ પૂછ્યું : 'બાપા, અમારો આધાર તો આપ છો. આપ નહીં હો ત્યારે અમારું કોણ ?' તરતજ સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે !' **મનન :** સત્પુરુષ ક્યારેય નોધારા છોડતા નથી. મહારાજ પણ પૃથ્વી ઉપર પોતાને અખંડ રહેવાનું પાત્ર તૈયાર જ રાખતા હોય છે. કલ્યાણનો માર્ગ ક્યારેય બંધ થતો નથી.

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૫)**

**નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **હમ તો એક સહજાનંદ ગાવે :** (૧) સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીનું આ કીર્તન આપણી સ્વરૂપનિષ્ઠાના સારરૂપ કીર્તન. (૨) 'હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે..... દૂસરો ન આવે.' આપણે શ્રીજીમહારાજના આશ્રિત. આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી - તેથી આ કીર્તન હમ તો એક સહજાનંદ ગાવે. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજાનું ભજન નહિ. વચ.ગ.અં.૩૮ મુજબ બીજા સર્વે અવતારો પૂજવા યોગ્ય પણ શ્રીજીમહારાજની ઉપાસના એ જ સાચી ઉપાસના. (૩) શ્રીજીમહારાજ કહે છે પોતાના ઈષ્ટદેવ સર્વોપરી, સાકાર, કર્તા, પ્રગટ. એમની જ ઉપાસના કરવી. આપણે બીજા કોઈ દેવ-દેવતાનો ભાર નહિ. નમસ્કાર કરવા યોગ્ય ખરા પણ ઉપાસના તો એકની જ. (પ્રસંગો લખવા) (૪) પ્રગટની ભક્તિ એ જ સાચી ભક્તિ પતિવ્રતાની ભક્તિ - સ્ત્રીને માટે જેમ પોતનો પતિ જ સર્વસ્વ અને બીજાને પતિના સગાંસંબંધી જાણીને માન આપે. તેમ ઈષ્ટદેવ સિવાય બીજાની ભક્તિ તે પતિવ્રતાની ભક્તિ ન કહેવાય. (પ્રસંગો લખવા) (૫) તુલસીદાસ, હનુમાનજી આપણા સત્સંગમાં ચૈતન્યાનંદ સ્વામી. બીજા અનેક પરોક્ષના અને પ્રગટના તેમજ વર્તમાનકાળે સ્વામીશ્રીના શિષ્યો સર્વેને એક જ ઈષ્ટદેવની અનન્ય ભક્તિ - ગીતા - ભાગવત, કીર્તન, પ્રસંગો, વચનામૃત, સ્વામીની વાતો, અન્ય શાસ્ત્રોમાંથી સ્વરૂપનિષ્ઠા અંગેના પ્રમાણો લખી શકાય. આપણે પણ આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજને જ ભજીએ.

આપણે મનમાં કોઈ બીજાનો ભાર ન રહે. આપણા મનમાં કોઈ બીજા અવતાર કે દેવ-દેવી કોઈ જ ન આવે એવી પાકી સ્વરૂપનિષ્ઠા રહે.

**૨. સ્થિતપ્રજ્ઞની ઓળખ : ભગવદ્‌ગીતા :**

(૧) અર્જુન શ્રી કૃષ્ણ ભગવાનને સ્થિતપ્રજ્ઞ પુરુષની ઓળખ પૂછે છે :

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधी: किं प्रभाषेत किमासीत व्रजेत किम ॥

હે કેશવ ! સમાધિમાં સ્થિત, સ્થિર બુદ્ધિવાળા મનુષ્યનું લક્ષણ શું છે ? તે સ્થિર બુદ્ધિવાળો કઈ રીતે બોલે, કઈ રીતે બેસે અને કઈ રીતે ચાલે છે ? (ગીતા ૨/૫૪)

(૨) સ્થિતપ્રજ્ઞસ્થ કા ભાષા ! પાર્થનો સવાલ પૂછવા ખાતર નથી પણ તેની જાણવા માટેની આરજૂ છે, આર્તનાદ છે, પ્રાર્થના છે. તે મુમુક્ષુ છે. બૌદ્ધિક અસ્થિરતાના ત્રાસમાંથી મુક્ત થવાની તીવ્ર ઝંખના રૂપે આ પ્રશ્ન પૂછ્યો છે. પરમાત્માના સ્વરૂપમાં બુદ્ધિને નિશ્ચલ રાખવા ઝંખે છે, સમાધિનિષ્ઠ થવા ઈચ્છે છે.

(૩) સ્થિતધી કિ પ્રભાષેત - સ્થિતપ્રજ્ઞના લક્ષણની સાથે સાથે તેના બોલવા, બેસવા, ચાલવા અંગેનો પ્રશ્ન પૂછીને અર્જુને જીવન શિક્ષાની સચોટ પદ્ધતિ અપનાવી છે. - કોઈપણ ગુણ આત્મસાત કરવા માટે તેનો આદર્શ નજર સામે જીવંત હોવો આવશ્યક - રમતગમતમાં પ્રગતિ કરવા ઈચ્છતા યુવાને જીવંત રમતવીરની રમતને વાંરવાર નિહાળવી - તેની પ્રત્યેક ક્રિયાનું ઝીણવટપૂર્વક અવલોકન - તેનામાં તન્મય - પરિણામે સફળતાનાં શિખરો સર કરવા માટે કાબેલ.

અહીં અર્જુનની સ્થિતપ્રજ્ઞતાને સમજવા માટે શારીરિક ભાષા એટલે કે બાહ્ય ક્રિયાઓની, આચરણની ભાષાનું મહત્ત્વ. તેથી જાણવાની જિજ્ઞાસા માટે પ્રશ્ન - બાહ્ય ક્રિયાઓ દ્વારા અભિવ્યક્ત થતું આચરણ તેના વ્યક્તિત્ત્વની સાચી ભાષા - કેટલાક માણસોની વાણી સાંભળતા જ તેની વૈચારિક સ્થિરતાની અનુભૂતિ - સ્થિતપ્રજ્ઞના બાહ્ય આચરણોમાં પડઘાતી આંતરિક સ્થિરતાને જાણવાની અર્જુનની પ્રાર્થના - તત્ત્વજ્ઞાન કેવળ શુષ્ક ચર્ચાનો વિષય નથી - કોરા વિચારોનું મંથન નથી. માત્ર ઊંચા ધ્યેયોને બાંધી આપનાર કાલ્પનિક વિચારધારા માત્ર નથી - તે તો વાસ્તવિક મંજિલ સુધી પહોંચાડનાર રાજમાર્ગ - જીવન શૈલીનો મહત્ત્વનો હિસ્સો - જીવન સાથે એકરસ થઈ શકે તે જ સાચું તત્ત્વજ્ઞાન.

(૪) प्रजहाति यदा कामान् - શ્રી કૃષ્ણ ભગવાન જવાબમાં અર્જુનને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો જણાવે છે.

प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तयोच्यते ॥

હે પાર્થ ! મનુષ્ય જ્યારે મનમાં રહેલી સઘળી કામનાઓને ત્યજી દે છે અને પોતાના આત્મામાં રહેતા પરમાત્મા વડે જ સંતુષ્ટ રહે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. (ગીતા ૨/૫૫) प्रजहाति એટલે ત્યાગ કરવો. ત્યાગ સ્થિતપ્રજ્ઞતાનું પ્રથમ સોપાન. कामान એટલે કામના અર્થાત્ ઈચ્છા - વાસનાયુક્ત સંકલ્પો તેના ત્યાગનું વિસર્જન - જ્યાં સુધી જીવનમાં કામનાઓ હશે ત્યાં સુધી જીવનમાં અસ્થિરતા જ રહેશે. - કામનાઓ મનુષ્યમાં જ નહિ પરંતુ પશુ-પક્ષીઓમાં પણ દૃષ્ટિગોચર - સારંગપુરમાં એક મોર પહેલાં બધું ખાતો હતો હવે પસંદગી કરે છે. અમુક જ ભાવતું ગમતું જ ખાય. કામનાની આ કમાલ પક્ષીમાં પણ જણાય છે. સારંગપુરનો જ પ્રસંગ - સાપે એક દેડકાને પકડ્યો - એક સંતે તાળી પાડી તો સાપ દેડકાને મૂકીને જતો રહ્યો. પરંતુ થોડીવાર પછી દેડકાને શોધતો તે જ જગ્યાએ પાછો આવ્યો. આ જ કામનાનું સામ્રાજ્ય - નવજાત શિશુથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોંચેલ પ્રત્યેક માનવી કામનારૂપી બેડીઓથી જકડાયેલો છે. બાળપણમાં ઈચ્છાઓ બાળકો કરે છે. મોટા થાય ત્યારે બાળપણ જાય છે પરંતુ ઈચ્છાઓ તો તેટલી જ રહે છે. ખાવાની, પીવાની, લેવા-મૂકવાની કોઈને મળવાની આ ઈચ્છાઓના તરંગો મનમાંને મનમાં ચાલ્યા જ કરે છે. - ઈચ્છાઓ અંજપ બનાવે છે - નવીને નવી ઈચ્છાઓ જન્મ્યા જ કરે છ. આને લીધે બૌદ્ધિક અસ્થિરતાનું સામ્રાજ્ય વિકસે - તેથી અશાંતિ - અપૂર્ણતા, ખાલીપાનો ભોગ માનવી બને - તેથી જ ગીતા દ્વારા આપણને લૌકિક કામના પર વિજય મેળવવાની પ્રેરણા.

શ્રીકૃષ્ણ ભગવાન દ્વારા બીજી વિચારવા જેવી વાત - ફક્ત कामान् નહિ પણ सर्वान् कामान એવો શબ્દ પ્રયોગ -

બધી જ કામનાઓ, લૌકિક બધી જ કામનાનો ત્યાગ કરે ત્યારે સ્થિતપ્રજ્ઞતા મળે. વિશ્વની વસ્તુઓમાંથી એકાદ બે વસ્તુ છોડવી સહેલી - ન ગમતી, ન ભાવતી, ન ફાવતી વસ્તુ છોડવી સહેલી - આવી બે પાંચ કામનાઓ ન હોય તે સંપૂર્ણ નિષ્કામી ન કહેવાય - માટે જ લૌકિક કામનાઓ ટાળવી આવશ્યક.

(૫) आत्मन्येवात्मना तुष्टः – પરમાત્માથી જ સંતુષ્ટ. આત્મામાં રહેલા પરમાત્મા વડે જ, જ્યારે સંતુષ્ટ રહેતો હોય ત્યારે તે મનુષ્ય સ્થિતપ્રજ્ઞ કહેવાય.

સંતોષ ! સંતોષી નર સદા સુખી એમ લોકમાં કહેવત છે. કેમ સુખી ? કામના ન હોય એટલે. અપૂર્ણતા કે અસંતોષ જ કામનાનું ઉદ્‌ગમ - સ્થાન - અસંતુષ્ટોને જ કામના જાગે - અસંતોષ ઠરીઠામ ન થવા દે - પૂર્ણ સંતોષ કામનાઓનું પૂર્ણવિરામ - સૌ કોઈને પૂર્ણ સંતોષની ઝંખના - પરંતુ તેને માટે અલ્પને વસ્તુને આશરે - જે પોતે અલ્પ તે બીજાને કઈ રીતે પૂર્ણતા આપી શકે ? સર્વોપરી વસ્તુનો લાભ થાય તો જ પરમ સંતોષ મળે - પરમાત્મા સંપૂર્ણ સર્વોપરી - તેમને પ્રાપ્ત કરી લે, તેનો અચળ નિશ્ચય થઈ જાય એટલે પરમ સંતોષની પ્રાપ્તિ - પૂર્ણકામપણું મનાય. લૌકિક કામનાઓના કંપનો ન રહે, અંતઃકરણ નિર્મળ, સ્થિર, પ્રશાંત સરોવર જેવું બને - આ જ સ્થિતપ્રજ્ઞતા છે. એમ ગીતા કહે છે.

(૭) સત્પુરુષોનાં જીવન આવી સ્થિતપ્રજ્ઞતાના પ્રતિબિંબ - ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના દૈનિક અહેવાલનો પ્રસંગ - તા. ૪ જુલાઈ, ૨૦૦૪ના દિવસે સ્વામીશ્રી અમેરિકાના ઓર્લાન્ડો શહેરમાં બિરાજમાન હતા, વૃદ્ધાવસ્થા, બિમારી, શારીરિક તકલીફો, વિચરણનો ભીડો વગેરે જોઈને રાજનભાઈ નામના એક હરિભક્તની વિનંતી, ‘આપે ખૂબ ભીડો વેઠ્યો હવે આપ આ ઉંમરે આનંદમાં જ રહો.’ સ્થિતપ્રજ્ઞના પર્યાય સમો સાહજિક જવાબ આપતાં સ્વામી શ્રી કહે, ‘ભલા માણસ અમે અક્ષરધામમાં જ છીએ. મહારાજ મળ્યા, ગુરુ મળ્યા એ કેફ હોય તો આનંદ આનંદ જ રહે.’ પરમાત્મા વડે સંતુષ્ટ રહેતા સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞતાની ભરજુવાનીનો વૈભવ સ્વામીશ્રીની ક્ષીણ કાયામાં અનુભવાતો હતો - નોબેલ પ્રાઈઝ સ્વામીશ્રીને મળવું જોઈએ તેના સંદર્ભમાં સ્વામીશ્રી કહે, ‘શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદ, સેવા એ બધા નોબેલ પ્રાઈઝ આવા સંતો, આવા હરિભક્તો એ જ નોબલ પ્રાઈઝ ! લૌકિક કામનાઓની રાખ કરીને તેના ઢગ પર બિરાજતા, પરમાત્માથી જ સંતુષ્ટ. આ સ્થિતપ્રજ્ઞતાની ચરમસીમારૂપ પુરુષનો આ તેજસ્વી મિજાજ - આ રીતે વર્તનારની પ્રજ્ઞાને કોણ વિચલિત કરવા સમર્થ છે ?

(૮) માટે જ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે, હે પાર્થ ! તું જ્યારે આ રીતે સર્વલૌકિક કામનાને ત્યજી દઈશ અને પરમાત્મા વડે જ સંતોજ પામીશ ત્યારે તુ પણ સ્થિતપ્રજ્ઞ કહેવાઈશ. ઉપસંહાર.

૩. **વૈદિક સંસ્કૃતિના ઘડવૈયા : પ્રમુખસ્વામી મહારાજ :-**

(૧) વૈદિક સંસ્કૃતિનો અર્થ :- વેદોમાં જે સંસ્કૃતિની વાત કરી છે તે સંસ્કૃતિ અથવા વેદો પરથી જે સંસ્કૃતિ રચાઈ છે તે વૈદિક સંસ્કૃતિ - ખૂબ જ પુરાણા આપણા વેદો - ઉપનિષદ - તે પ્રાચીન સંસ્કૃતિ -ઋષિમુનિઓ દ્વારા આ સંસ્કૃતિ ઉજાગર.

(૨) વૈદિક સંસ્કૃતિ ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. પરંતુ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આ સંસ્કૃતિ જન સમાજમાં ભક્ત ગણમાં હરિભક્તોમાં દષ્ટિગોચર થાય છે. શ્રીજીમહારાજે સ્વયં વૈદિક સંસ્કૃતિ પર ખૂબ ભાર મૂક્યો - લુપ્ત થયેલ વૈદિક ધર્મ, વૈદિક સંસ્કૃતિની પુનઃસ્થાપના કરી. ગુરુપરંપરા દ્વારા આ સંસ્કૃતિ તેમજ વર્તમાનકાળે સ્વામીશ્રી દ્વારા આ સંસ્કૃતિનો વ્યાપ, પ્રચાર, પ્રસાર થઈ રહ્યો છે.

(૩) વૈદિક સંસ્કૃતિમાં ભગવાન તેમજ ભગવાનના અવતારોનું પૂજન - અવતારોની પૂજા - ઉપાસના - મંદિરોની સ્થાપના તેમાં મૂર્તિઓનું સ્થાપન - દેવો - અવતારોની મૂર્તિઓની સ્થાપના - સ્વામીશ્રી દ્વારા ૧૦૦૦ જેટલા મંદિરોનું નિર્માણ.

(૪) વેદોમાં ગુરુપૂજનનો ખૂબ મહિમા - ગુરુબ્રહ્મા - ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મ સમાન પૂજવાની પરંપરા શ્રીજીમહારાજ સ્વયં પુરુષોત્તમનારાયણ છતાં ગુરુ રામાનંદ સ્વામી પ્રત્યે પૂજ્ય ભાવ - સ્વામીશ્રીને પણ પોતાના ગુરુનો ખૂબ મહિમા - ગુરુ પ્રત્યે અતિશય દિવ્યભાવ - વચનમાં ટૂકટૂક વર્તે - પોતાના આશ્રિતોને પણ ગુરુનો

મહિમા સમજાવે - વર્તમાનકાળે હરિભક્તોમાં પણ સ્વામીશ્રીનો આ શિષ્યભાવ દષ્ટિગોચર - હરિભક્તોમાં પણ પોતાના ગુરુ માટે શું ન થાય ? એવો ભાવ. (પ્રસંગો લખી શકાય)

(૫) વૈદિક પરંપરામાં વનસ્પતિનું પૂજન, જળ, પૃથ્વી વગેરેની પૂજા થતી - સ્વામીશ્રી દ્વારા પણ વૃક્ષારોપણના અનેક કાર્યક્રમો - જળસંચય અભિયાન - જળનું પણ પૂજન કરે - સંસ્થાના દરેક મંદિરોમાં સુંદર વૃક્ષોનું વાવેતર - હરિભક્તોને પણ વૃક્ષો વાવવાનો અનુરોધ. (પ્રસંગો લખવા)

(૬) વૈદિક સંસ્કૃતિમાં માતા-પિતા, ગુરુ-આચાર્ય-અતિથિ વગેરે દેવ સમાન સન્માન આપવાની પરંપરા સ્વામીશ્રી પણ હભિક્તોને, યુવાનોને આ પ્રકારનું શિક્ષણ આપી રહ્યા છે. વડીલોને માન આપવું, માતા-પિતાનો આદર કરવો તેમને દુઃખી ન કરવા, તેમની સેવા કરવી. આજીવન તેમનું પોષણ કરવું, અતિથિનું ઘરે તે રીતે સન્માન કરવું, ગુરુને પોતાના શિક્ષકોને માન આપવું. આ વૈદિક સંસ્કારોનું સ્વામીશ્રી પોતાના ભક્તોમાં ઘડતર કરી રહ્યાં છે. પ્રસંગો લખવા. શ્લોક વગેરે લખી શકાય.

(૭) વૈદિક સંસ્કૃતિ, વૈદિક પરંપરામાં ભગવાનના અવતારોનું ખંડન ન કરવાની આજ્ઞા - વ્રત, ઉપવાસ, નિયમ-ધર્મ, બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય વગેરેનું સારધાર પાલન કરવાની આજ્ઞા - આ બધા સદ્‌ગુણો - નિયમધર્મ સ્વામીશ્રી પોતે વૈદિક પરંપરાને અનુસરી રહ્યા છે. સાથે સાથે ભક્તગણમાં આ ગુણો આવે, હિન્દુ ધર્મની સંસ્કૃતિ, સંસ્કાર જળવાઈ રહે તે માટે સ્વામીશ્રી ખૂબ દઢતાપૂર્વક આ નિયમોના પાલન માટે આગ્રહ રાખે છે.

આમ, વેદો પરથી આવતી સંસ્કૃતિ જે લુપ્ત થઈ રહી છે તેને સ્વામીશ્રી સંસ્થા દ્વારા ચાલતી શાળાઓમાં, ગુરુકૂળોમાં, હોસ્ટેલોમાં, મંદિરોમાં તેમજ દરેક ભક્તજન તેને અનુસરે તે માટે ખૂબ આગ્રહ રાખે છે. એટલે કે લુપ્ત થઈ રહેલ વૈદિક સંસ્કૃતિનું સ્વામીશ્રી જાણે કે પુનઃ ઘડતર કરી રહ્યા છે. માટે જ સ્વામીશ્રી વૈદિક સંસ્કૃતિના ઘડવૈયા છે.

ઉપસંહાર.

❑ ❑ ❑